# ખેડા જીલ્લા પોલીસ સાફલ્યગાથા

# (અઠવાડિક તા.૧૯/૦૩/૨૦૧૮ થી તા.૨૫/૦૩/૨૦૧૮)

લીંબાસી પો.સ્ટે. વિસ્તારના રણાસર ગામની સીમમાં જુગાર રમતા કુલ ૦૫ ઇસમોને ઝડપી પાડી જુગારનો ગણનાપાત્ર કેસ કરતી એલ.સી.બી. ખેડા નડીયાદ પોલીસ

પ્રેસ નોટ તા.૨૩/૦૩/૨૦૧૮

પોલીસ અધિક્ષકશ્રી મનિન્દર પ્રતાપ સિંહ પવાર, ખેડા-નડીયાદ નાઓએ દારૂ- જુગારની પ્રવુત્તિ નેસ્ત નાબુદ કરવા માટે જીલ્લા પ્રોહિ/જુગારના લિસ્ટેડ બુટલેગરો ઉપર અવારનવાર રેઇડો કરી પરીણામલક્ષી કામગીરી કરવા ખાસ સુચના કરેલ હોય જે અનુસંધાને વી.જે.રાઠોડ પો.ઇન્સ.એલ.સી.બી નાઓની સુચના મુજબ ગત તા. ૨૧/૩/૧૮ ના રોજ એલ.સી.બી.સ્ટાફના પો.સ.ઇ એસ.એમ.પટણી ,એ.એસ.આઇ વિજયસિંહ, અહેડકો રતેસિંહ, ,પો.કો. વિનોદકુમાર, પો.કો.રૂતુરાજસિંહ,પો.કો. રાકેશકુમાર વિગેરે પોલીસ માણસો લીંબાસી પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.કો. વિનોદકુમારનાઓને મળેલ બાતમી હકીકત લીંબાસી માલાવાડા રોડ ઉપર સીમા ફેક્ટરીની નજીક ખુલલી જગ્યામાં જાસ્મીનભાઇ પટેલ નામનો ઇસમ તીન પત્તીનો જુગાર રમાડે છે. જે આધારે સદર જગ્યાએ પંચો રૂબરૂ રેઇડ કરતા જુગાર રમતા કુલ પાંચ ઇસમો (૧) જસ્મીનકુમાર રાજેન્દ્રકુમાર પટેલ (૨) હસમુખભાઇ રણછોડભાઇ પટેલ (૩) ભરતભાઇ ચીમનભાઇ પટેલ (૪) રુચીલકુમાર ઉર્ફે ટીનો તમામ રહે. લીંબાસી તથા (૫) ઉદયકુમાર ગીરીશભાઇ પટેલ રહે. સોજીત્રા ટાવર પાસેનાઓને નાઓને જુગાર રમતા ઝડપી પાડી દાવ ઉપરથી રોકડા રૂ. ૩૪૦૦/- તમામ આરોપીઓની અંગ ઝડતીમાંથી મળી આવેલ રૂ.૪૪૭૦૦/- મોબાઇલ નંગ ૦૫ કિ. ૩૨૫૦૦/- પાણી નો જગ કિ. ૨૦૦/- મો.સા. ૦૧ કિ.રૂ. ૧૦૦૦/- તથા પત્તા પાના તથા ભુરા કલરનુ પ્લાસ્ટીકનુ મીણીયુ મળી કુલ રૂ. ૯૦,૮૦૦/- ના મુદ્દામાલ સાથે સ્થળ ઉપરથી મળી આવી પકડાઇ ગયેલ હોય ઉક્ત તમામ ઇસમો વિરૂદ્ધ લીંબાસી પો.સ્ટે. જુગારા ધારા કલમ ૧૨ મુજબ પો.કો. વિનોદકુમાર નાઓએ ફરીયાદ આપેલ છે. આમ એલ.સી.બી. ખેડા –નડીયાદ દ્વારા જુગાર ધારાનો ગણનાપાત્ર શોધી
કાઢવામાં આવેલ છે.



## ખેડા જીલ્લાના વિદેશી દારૂના ગુનાઓમાં સંડોવાયેલ ખેડા જીલ્લાના પ્રોહી બુટલેગર આરોપીઓ ની પાસા હેઠળ અટકાયત કરતી એલ.સી.બી ખેડા-નડીયાદ

તા.૨૩/૦૩/૨૦૧૮

જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી મનિન્દર પ્રતાપસિંહ પવાર સાહેબ નાઓએ જીલ્લામાં દારુ જુગારની બદી દૂર કરવા તથા અગાઉ દારુની ફેરાફેરી તથા પ્રવૃત્તીમાં સંડોવાયેલ હોય તેવા રીઢા ગુનેગારો વિરૂદ્ધ અટકાયતી પગલા લેવા આપેલ સુચના અન્વયે ખેડા ટાઉન પો.સ્ટે. પ્રોહિ ગુ.ર.નં. ૪૯/૧૮ પ્રોહી એકટ કલમ.૬૫ઇ,૬૭,એ,૧૧૬ ખ, ૮૧ મુજબના ગુનાઓમાં સંડોવાયેલ આરોપી પ્રમોદ ઉર્ફે પ્રમુખ કાળાભાઇ ચુનારા રહે. કઠવાડા, ચુનારાવાસ તા.જી. ખેડાનાને ઉક્ત ગુનામાં રૂ. ૧,૯૬,૮૦૦/- ના પ્રોહિ. મુદ્દામાલ સાથે પકડાયેલ અને તેઓની વિરૂદ્ધમાં પ્રોહીબિશન ધારા હેઠળ ના કેસોમાં પો.ઇન્સ. શ્રી વી.જે.રાઠોડ એલ.સી.બી. ખેડા-નડીયાદ નાઓએ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ અધિક્ષકશ્રી મારફતે કલેક્ટરશ્રી ખેડા-નડીયાદ નાઓ તરફ મોકલી આપતા કલેક્ટરશ્રી કુલદિપ આર્ય સાહેબ નાઓએ દરખાસ્ત મંજુર કરી પાસા વોરંટ ઇશ્યુ કરતા સદરહુ આરોપીઓને તા. ૨૨/૦૩/૧૮ ના રોજ અટક કરી પાસા વોરંટની બજવણી કરી આરોપીને જીલ્લા જેલ જુનાગઢ ખાતે મોકલી આપેલ છે.



**અર્બુદા ક્રેડિટ કો.ઓ. સોસાયટી લી.નામની શાખા ખોલીને કુલ રૂપિયા ૭૧,૪૮,૭૫૧/- પોતાના અંગત કામમાં વાપરી નાખી વિશ્વાસઘાત કરી છેતરપીડી કરનાર મુખ્ય સુત્રધારને અટક કરતી એલ.સી.બી. ખેડા-નડીયાદ**

**તા. ૨૫/૦૩/૨૦૧૮**

કપડવંજ ટાઉન પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૫/૧૭ આઇ. પી. સી. કલમ ૪૦૬,૪૨૦,૪૦૯ ૧૧૪ તથા THE GUJARAT PROTECTION OF INTEREST IN FINANCIAL ESTABLISHMENTACT2003ની કલમ 3,૪,૭ મુજબના કામે ગત તા. ૦૮/૮/૧૪ થી તા.૦૨/૨/૧૭ સુધી આ કામના આરોપીઓએ કપડવંજ એફ/૦૪ નેંશનલ પ્લાઝા કોંમ્પલેક્ષમાં અર્બુદા બેંક ચાલુ કરી ગ્રાહકોને વિશ્વાસમાં લઇ ગ્રાહકોની ફિકસ ડિપોઝીંટ તથા રીકરીંગ ડિપોઝીટ તથા સરલ બચત તથા મોન્સુન ગોલ્ડ બોંન્ડ તથા કન્યા સ્વાભીમાન યોજના તથા ડેઇલીં ડીપોઝીંટ તથા સમર યોજના ના મળી કુલ રૂપિયા ૫૯,૨૧,૮૮૨ /- તથા ડાકોર શ્રી રામ માર્કેટ માં બનાવેલ ઓફીસ માં ઉપર મુજબ ની યોજના ઓના કુલ રૂ. ૧૨,૨૬,૮૬૯/- મળી કુલ રૂપિયા ૭૧,૪૮,૭૫૧/- ભેગા કરી તમામ નાણાં પોતાના અંગત કામમાં વાપરી નાખી વિશ્વાસઘાત કરી છેતરપીડી કરેલ હોય જે બાબતે ઉક્ત નંબરથી ગુન્હો રજી. થયેલ. જે ગુનાની તપાસ શ્રી વી.જે.રાઠોડ પો.ઇન્સ. એલ.સી.બી. નાઓ કરી રહેલ છે. સદર ગુનાની તપાસ દરમ્યાન આ ગુનાના કામે આરોપીઓ (૧) રાકેશભાઇ ઉર્ફે બોબીભાઇ દેવેન્દ્રભાઇ અગ્રવાલ (૨) આશાબેન w/o રાકેશભાઇ ઉર્ફે બોબીભાઇ દેવેન્દ્રભાઇ અગ્રવાલ (૩) નીશાબેન w/o રાકેશભાઇ ઉર્ફે બોબી દેવેન્દ્રભાઇ અગ્રવાલ ત્રણેય રહે.માઉન્ટ આબુ રાજસ્થાનનાઓ અર્બુદા ક્રેડિટ કો.ઓ. સોસા. લી. કપડવંજ તથા ડાકોર શાખાનો વહીવટ કરતા હોવાનુ તપાસ દરમ્યાન જણાઇ આવેલ અને તેઓએ ભેગા કરેલ જે તમામ નાણાં પોતાના અંગત કામમાં વાપરી નાખી વિશ્વાસઘાત કરી છેતરપીડી કરી ગુન્હો કરેલ. આ ગુનાના આરોપીઓએ કપડવંજ સિવાય ગુજરાત રાજ્યના અન્ય વિસ્તારોમાં અને રાજસ્થાન ખાતે પણ અર્બુદા ક્રેડિટ કો.ઓ. સોસાયટી લી.નામની શાખા ખોલીને ગ્રાહકોની પાસેથી નાણા ભેગા કરીને વિશ્વાસઘાત કરી છેતરપીડી કરેલ હોવાથી તેઓની વિરૂધ્ધમાં ગુજરાત રાજ્યમાં તથા રાજસ્થાન અલગ અલગ જીલ્લા માં કુલ -૩૫ જેટલા ગુન્હાઓ દાખલ થયેલ છે. અને આ ગુનાના આરોપી રાકેશકુમાર દેવેન્દ્રકુમાર અગ્રવાલ ઉ.વ. ૪૭ રહે -૩૪૨/૪ ગોરા છાપરા માઉન્ટ આબુ રાજસ્થાનનાઓને જોધપુર (રાજસ્થાન) જેલમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે મેળવી તા.૨૩/૦૩/૨૦૧૮ કલાકઃ ૨૧/૩૦ વાગે અટક કરી તા. ૨૭/૩/૧૮ સુધીના પોલીસ કસ્ટડીના રીમાન્ડ મેળવેલ છે.

આ કામનો આરોપી તેના વિરૂધ્ધમાં દાખલ થયેલા ગુન્હાઓમાં છેલ્લા એક વર્ષથી પોલીસ કસ્ટડીમાં છે. આ આરોપી વિરૂધ્ધ આ ગુના સિવાય (૧) ધાનેરા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૯/૧૭ IPC ક.૪૦૬,૪૨૦, ૧૧૪ (૨)ડીસા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૪/૧૭ IPC ક.૪૦૬,૪૨૦, ૧૧૪ (૩) દિયોદર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૯/૧૭ IPC ક.૪૦૬,૪૨૦, ૧૧૪ (૪) પાલનપુર સીટી પૂર્વ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૯/૧૭ IPC ક.૪૦૬,૪૨૦, ૧૧૪ (૫) ભાભર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧/૧૭IPC ક.૪૦૬,૪૨૦, ૧૧૪ (૬) ભિલડી પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૦૯/૧૭ IPC ક.૪૦૬, ૪૨૦, ૧૧૪ (૭) ભિલોડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૮/૧૭ IPC ક.૪૦૬, ૪૨૦, ૧૧૪ (૮) ખેડબ્રહ્મા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૭/૧૭ IPC ક.૪૦૬, ૪૨૦, ૧૧૪ (૯) હિંમતનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૧/૧૭ IPC ક.૪૦૬, ૪૨૦, ૧૧૪ (૧૦) મોડાસા

પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૫/૧૭ **IPC** ક.૪૦૬, ૪૨૦, ૧૧૪ (૧૧) વિરમગામ પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૬/૧૭ **IPC** ક.૪૦૬, ૪૨૦, ૧૧૪ (૧૨) પ્રાંતિજ ફ. ૩૮/૨૦૧૭ઇપીકો ક. ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૧૧૪ (૧૩) ઇડર પો.સ્ટે. ફ.ગુ.ર.નં-૦૦૩૯/૨૦૧૭ ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૦૯, ૧૧૪ તથા ધી ગુજરાત પ્રોટેકશન ઓફ ઇન્ટરેસ્ટ (ઇન ફાઇનાશીયલ એસ્ટાબ્લીસમેન્ટ) એકટ-૨૦૦૩ ની કલમ. ૩ વિગેરે મુજબના વિવિધ જીલ્લાઓમાં વિવિધ શહેરોના પોલીસ સ્ટેશનોમાં તેમજ રાજસ્થાન રાજ્યમાં એમ આજ પ્રકારના કુલ-૩૫ ગુના નોંધાયેલ છે.

